Extra No. 245

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] TUESDAY, JULY 1, 2025 / ASADHA 10, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

:: ગુજરાત નશાબંધી અધિનિયમ -૧૯૪૯ ની કલમ-૧૪૨ હેઠળનું ::

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૭૪/૨૦૨૫.-ગુજરાતના રાજય ચૂંટણી આયોગ ધ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/ મધ્યસત્ર/ પેટા ચૂંટણીઓ-૨૦૨૫ના રોજ ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીનું મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાનાર છે. તેમજ જો પુનઃ મતદાન યોજવાનું થાય તો તેની તા.૨૪/૦૬/૨૦૨૫ તથા મતગણતરી તા. ૨૫/૦૬/૨૦૨૫ના રોજ હાથ ધરાનાર છે. જે ચુંટણીમાં મતદારો નિર્ભયપણે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તથા ઉમેદવારો તરફથી મતદારોને પ્રલોભન રૂપે દારૂ તેમજ નશાયુકત પદાર્થ આપે નહીં અને ચુંટણીનું કામ નિષ્પક્ષ રીતે પાર પડે તે માટે જિલ્લામાં આવેલી કેફી પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ) હોટલો રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓને દારૂનું વેચાણ કરવા સામે તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૦૫-૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૦૭-૦૦ કલાક (જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે) સુધી અને મતગણતરીના દિવસ એટલે કે તા. ૨૫/૦૬/૨૦૨૫ (આખો દિવસ) “ડ્રાય ડે” તરીકે જાહેર કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ગુજરાત નશાબંધી અધિનિયમ -૧૯૪૯ ની કલમ-૧૪૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચે જાહેર કરવામાં આવેલ વિસ્તારોમાં, સમાવિષ્ટ તમામ મતદાર વિભાગોમાં આવેલ,

૧. દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, કલબ વગેરેને,

૨. કલબ, સ્ટાર હોટલ, રેસ્ટોરન્ટ અને હોટલ જેઓને દારૂ રાખવાનું અને પુરો પાડવાનું લાયસન્સ આપવામાં આવેલ હોય,

૩. વ્યકિતગત દારૂનો ઉપયોગ કે સંગ્રહ કરવા પરમીટ આપેલ હોય તેવી વ્યકિતઓને,

તા. ૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૦૫-૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૦૭-૦૦ કલાક(જો પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે) સુધી અને મતગણતરીના દિવસ એટલે કે તા.૨૫/૦૬/૨૦૨૫ (આખો દિવસ) દારૂ વેચાણ કરવા/ પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ સમયગાળાને “ડ્રાય ડે” તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

જાહેરનામામાં સમાવિષ્ટ થતો વિસ્તાર : સમગ્ર આણંદ જિલ્લો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત, પ્રોહીબીશન કાયદા ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ આ 'આદેશ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઋતુરાજ દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૭૪/૨૦૨૫.-આગામી તા.૦૭-૦૮-૦૯/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લીમ ધર્મનો બકરી ઇદનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, તથા આગામી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ જીલ્લામાં ગ્રામ પંચાયતની ચુંટણી યોજાનાર હોયતેમજ અત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧),૩૭(૩) અન્વયે તા.૦૮/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૦૪/૦૬/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા. વ્ય/જાહેરનામુ/૭૮૮/૨૦૨૫ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૮/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઇજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહી, ચાર કરતાં વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર: સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશંક્ત લોકોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઇ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

નં.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૭૫/૨૦૨૫.-આગામી તા. ૧૫/૦૬/૨૦૨૫ના રોજ આણંદ જીલ્લામાં કુલ ૩૬ પરીક્ષા કેન્દ્ર ઉપર લોકરક્ષક ભરતી પ્રક્રિયાની લેખિત પરીક્ષા યોજાનાર હોય સદર કેન્દ્રો પર પરીક્ષા શાંતિમય વાતાવારણમાં યોજાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રની આસપાસ વાલીઓના અને લોકોના ટોળાઓ એકઠા ન થાય તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તથા પરીક્ષા દરમ્યાન કોઇ પણ પ્રકારની ગેરરીતી ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતા થી પરીક્ષા આપી શકે તે સારૂ પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરના એરીયામાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, પરીક્ષા દરમ્યાન કોઈપણ જાતના વિજાણુયંત્ર નહી રાખવા, લાઉડ સ્પીકર ઉપયોગ ન કરવા બાબતે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઇ રહે તે સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના પત્ર નં.એલઆઈબી/જાહેરનામું/૮૨૨/૨૦૨૫, તા.૧૦/૦૬/૨૦૨૫ થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.AS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૫/૦૬/૨૦૨૫ ના રોજ સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આ સાથે સામેલ પરીક્ષા કેન્દ્રના વિસ્તારને લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર વટ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

SCHOOL LIST : GUJARAT POLICE RECRUITMENT BOARD - 2025

ANNEXURE -A (LRD)

ROOT	SR. NO.	DISTRICT NAME	SCHOOL NAME	SCHOOL ADDRESS	PIN CODE	USED BLOCK	No. of CANDI DATES	CCTV YES / NO	PRINCIPAL NAME	PRINCIPAL MOBILE No.	SCHOOL OTHER CONTACT (Landline) No.	SCHOOL E-MAIL ADDRESS	
1	1	ANAND	D. N. HIGH SCHOOL, UNIT-1, ANAND	STATION ROAD, ANAND	388001	15	450	YES	GIRISHBHAI PATEL	9228741424	9228741424	dnhsprincipal@gmail.com	
	2	ANAND	D. N. HIGH SCHOOL, UNIT-2, ANAND	STATION ROAD, ANAND	388001	15	450	YES	PRAMODBHAI CHAUDHARI	9427063257	9427063257	dnhsprincipal@gmail.com	
	3	ANAND	KASTURBA KANYA VIDYALAY, ANAND	D. N. HIGH SCHOOL CAMPUS, STATION ROAD, ANAND	388001	15	450	YES	NIRALIBEN KHANDELWAL	8320811299	8320811299	principalkkv@gmail.com	
2	4	ANAND	CHAROTAR ENLISH MEDIUM SCHOOL, UNIT-1, ANAND	D. N. HIGH SCHOOL CAMPUS, STATION ROAD, ANAND	388001	15	450	YES	KARTIK PATEL	9913605201	9913605201	cems@cesociety.in	
	5	ANAND	CHAROTAR ENLISH MEDIUM SCHOOL, UNIT-2, ANAND	D. N. HIGH SCHOOL CAMPUS, STATION ROAD, ANAND	388001	10	300	YES	HARDIKABEN PATEL	7874077184	7874077184	cems@cesociety.in	
	6	ANAND	SHARDA HIGH SCHOOL, ANAND	STATION ROAD, ANAND	388001	10	300	YES	PARDIPBHAI PARMAR	9428403222	9428403222	principalsharda@yahoo.com	
3	7	ANAND	ANAND HIGH SCHOOL, ANAND	GRIDE X, N/R. TOWN HALL, ANAND	388001	15	450	YES	KRUNALBHAI RANA	9898264626	9898264626	anandhighschool@gmail.com	
4	8	ANAND	SARDAR VALLABHBHAI PATEL HIGH SCHOOL, KHETIVADI, ANAND	N/R. JAGNATH MAHADEV TEMPLE, ANAND	388001	15	450	YES	YOGESH PATEL	9909211913	9909211913	svpatelhighschoolanand@gmail.com	

SCHOOL LIST : GUJARAT POLICE RECRUITMENT BOARD - 2025

ANNEXURE -A (LRD)

ROOT	SR. NO.	DISTRICT NAME	SCHOOL NAME	SCHOOL ADDRESS	PIN CODE	USED BLOCK	No. of CANDI DATES	CCTV YES / NO	PRINCIPAL NAME	PRINCIPAL MOBILE No.	SCHOOL OTHER CONTACT (Landline) No.	SCHOOL E-MAIL ADDRESS	
5	9	ANAND	THE SALVATION ARMY ENGLISH MEDIUM SCHOOL, ANAND,	AMUL DAIRY ROAD, ANAND	388001	12	360	YES	SIMABEN CHAUHAN	9904258441	9904258441	saemsanand@gmail.com	
4	10	ANAND	SENT XAVIER'S HIGH SCHOOL, CHAVDAPURA	AT. CHAVDAPURA DIST. ANAND	388001	8	240	YES	FR. AROCKIAM SELVA	9913457877	9913457877	xavier_chav@yahoo.com	
3	11	ANAND	D. Z. PATEL HIGH SCHOOL, UNIT-1, ANAND	80 FT ROAD, ANAND	388001	10	300	YES	TEJALBEN JANI	7405177050	7405177050	tejaljani10510@gmail.com	
3	12	ANAND	D. Z. PATEL HIGH SCHOOL, UNIT-2, ANAND	80 FT ROAD, ANAND	388001	10	300	YES	KEVAL THAKAR	9429034924	7041551025	tejaljani10510@gmail.com	-
5	13	ANAND	J. P. THAKKAR HIGH SCHOOL, ANAND	N/R. N. S. PATEL ARTS COLLEGE, BHALEJ ROAD, ANAND	388001	12	360	YES	KARTIK DAVE	6353895259	6353895259	kartiksir@yahoo.in	15 બ્લોક ની જગ્યા એ ૧૨ બ્લોક કરેલ છે. સુધારો ધ્યાને લેવા વિનંતી
6	14	ANAND	CHAROTAR MILLAT HIGH SCHOOL, ANAND	BELOW OVERBRIDGE, BHALEJ ROAD, ANAND	388001	10	300	YES	SALIMA BHIMANI	9898160156	9898160156	cmesanand@gmail.com	
	15	ANAND	MADRESHA HIGH SCHOOL, ANAND	BHALEJ ROAD, ANAND	388001	10	300	YES	NAIMBHAI PATHAN	9974439230	9974439230	madreshahighschool98@gmail.com	
7	16	ANAND	H. L. PATEL HIGH SCHOOL, SAMARAKHA	ANAND- BHALEJ ROAD, SAMARAKHA	388360	20	600	YES	AMRUTBHAI PATEL	9825710857	9825710857	hlpatelsamarkha@gmail.com	
	17	ANAND	SENT XAVIER'S HIGH SCHOOL, LIMDAPURA	AT. & PO. LIMDAPURA TA. ANAND	388360	10	300	YES	SIS. VARSHA	8828292848	8828292848	st.xavierlimdapura@gmail.com	

SCHOOL LIST : GUJARAT POLICE RECRUITMENT BOARD - 2025

ANNEXURE -A (LRD)

ROOT	SR. NO.	DISTRICT NAME	SCHOOL NAME	SCHOOL ADDRESS	PIN CODE	USED BLOCK	No. of CANDI DATES	CCTV YES / NO	PRINCIPAL NAME	PRINCIPAL MOBILE No.	SCHOOL OTHER CONTACT (Landline) No.	SCHOOL E-MAIL ADDRESS	
12	18	ANAND	SARDAR PATEL HIGH SCHOOL, BORIAVI	AT PO BORIAVI TA. ANAND	387310	15	450	YES	MANISHBHAI KA.PATEL	9898827972	9898827972	sphsboriavi1952@gmail.com	
6	19	ANAND	SENT XAVIER'S HIGH SCHOOL, GAMDI	GAMDI TA. ANAND	388001	12	360	YES	FR. NOYAL	6351550741	6351550741	xav.anand@gmail.com	
7	20	ANAND	G. J. SHARDA MANDIR	BHAIKAKA STATUE, VALLABH VIDYANAGAR	388120	8	240	YES	YAMINIBEN PATEL	9974688029	9974688029	gjsm1949@gmail.com	
7	21	ANAND	M. U. PATEL TECH. HIGH SCHOOL, VALLABH VIDYANAGAR	BHAIKAKA STATUE, VALLABH VIDYANAGAR	388120	8	240	YES	HASIT PATHAK	9426264254	9426264254	muphs2003@yahoo.com	
8	22	ANAND	C V M HIGHER SECONDARY COMPLEX (GENERAL STREAM), VALLABH VIDYANAGAR	T. V. PATEL COLLEGE BUIDLING, B/H. NALINI ARTS COLLEGE, NANABAZAR, VALLABH VIDYANAGAR	388120	15	450	YES	VIJAYBHAI SUTHAR	9879625251	9879625251	tvphscvvn@gmail.com	
7	23	ANAND	M.S. MISTRY BILINGUAL SCHOOL, VALLABH VIDHYANAGAR	BHAIKAKA CIRLE, VALLABH VIDYANAGAR	388120	10	300	YES	RAHULBHAI J. SOLANKI	9824527636	7778931964	msmistry47@yahoo.com	I. B. PATEL ENGLISH MEDIUM SCHOOL(S.F.), VALLABH VIDYANAGAR ૨૬ ફરી આ બિલ્ડીંગ ઉમેરેલ છે.
9	24	ANAND	I. B. PATEL ENGLISH MEDIUM SCHOOL(GIA), VALLABH VIDYANAGAR	N/R. RAILWAY STATION, VALLABH VIDYANAGAR	388120	8	240	YES	BHAVESHBHAI BHATT	9426037548	9426037548	ibpes2007@yahoo.co.in	

SCHOOL LIST : GUJARAT POLICE RECRUITMENT BOARD - 2025

ANNEXURE -A (LRD)

ROOT	SR. NO.	DISTRICT NAME	SCHOOL NAME	SCHOOL ADDRESS	PIN CODE	USED BLOCK	No. of CANDI DATES	CCTV YES / NO	PRINCIPAL NAME	PRINCIPAL MOBILE No.	SCHOOL OTHER CONTACT (Landline) No.	SCHOOL E-MAIL ADDRESS	
	25	ANAND	SMT K.R.PATEL MADHYAMIK SHALA (BAVIS GAM VIDHYALAY)	N/R. SARDAR STATUE, VALLABH VIDYANAGAR	388120	10	300	YES	MIRABEN THARKAN	7487043901	7487043901	bavisgam@live.com	
8	26	ANAND	C V M HIGHER SECONDARY COMPLEX (SCIENCE STREAM), UNIT-1, VALLABH VIDYANAGAR	MOTA BAZAR, VALLABH VIDYANAGAR	388120	12	360	YES	VIJAYBHAI DHANDHALIYA	9428221747	9428221747	principalcvmhsccss@yahoo.com	
	27	ANAND	C V M HIGHER SECONDARY COMPLEX (SCIENCE STREAM), UNIT-2, VALLABH VIDYANAGAR	MOTA BAZAR, VALLABH VIDYANAGAR	388120	10	300	YES	RAJESH N PATEL	9426990212	9426990212	principalcvmhsccss@yahoo.com	
10	28	ANAND	S. D. DESAI HIGH SCHOOL, VALLABH VIDYANAGAR	N/R. BAKROL GATE, VALLABH VIDYANAGAR	388120	8	240	YES	DHARMENDR ABHAI TRIVEDI	9925158671	9925158671	sddesaihighschool1964@yahoo.com	
	29	ANAND	DAXINA MURTI HIGH SCHOOL, VALLABH VIDYANAGAR	N/R. BAKROL GATE, VALLABH VIDYANAGAR	388120	10	300	YES	TUSHAR N PAREKH	9998819163	9998819163	daxinamurtischool@gmail.com	
9	30	ANAND	MAHATMA GANDHI VIDYALAY, MOGRI	AT. MOGARI TA. ANAND	388345	15	450	YES	HARESHBHAI GEDIYA	9979978209	9979978209	mgvmogri123@gmail.com	
		ANAND	ST. MARY'S SCHOOL, MOGARI	JUNA ANAND-MOGARI ROAD, MOGARI	388345	10	300	YES	GEETHA NAIR	9898053270	9898053270	principalst.marysmogri@gmail.com	

SCHOOL LIST : GUJARAT POLICE RECRUITMENT BOARD - 2025

ANNEXURE -A (LRD)

ROOT	SR. NO.	DISTRICT NAME	SCHOOL NAME	SCHOOL ADDRESS	PIN CODE	USED BLOCK	No. of CANDI DATES	CCTV YES / NO	PRINCIPAL NAME	PRINCIPAL MOBILE No.	SCHOOL OTHER CONTACT (Landline) No.	SCHOOL E-MAIL ADDRESS	
10	32	ANAND	B A P S VIDYALAYA, BAKROL	N/R. BAKROL GATE, BAKROL	388315	10	300	YES	HIRENBHAI PATEL	9879967512	9879967512	hirenpatel0780@gmail.com	
11	33	ANAND	KNOWLDEGE HIGH SCHOOL, UNIT-1, ANAND	KNOWLDEGE CAMPUS, VADTAL ROAD, BAKROL	388315	10	300	YES	AMITABH MACWAN	9723930878	9265016895	khsanand13@gmail.com	
	34	ANAND	KNOWLDEGE HIGH SCHOOL, UNIT-2, ANAND	KNOWLDEGE CAMPUS, VADTAL ROAD, BAKROL	388315	10	300	YES	FARUKBHAI	9879263842	9157801786	khsanand13@gmail.com	
	35	ANAND	KNOWLDEGE HIGH SCHOOL, UNIT-3, ANAND	KNOWLDEGE CAMPUS, VADTAL ROAD, BAKROL	388315	10	300	YES	AKSHAYBHAI PATEL	9773480966	9913617018	khsanand13@gmail.com	
12	36	ANAND	J. J. INTERNATIONAL SCHOOL, ANAND	ANAND-LAMBHAVEL ROAD, ANAND	388001	10	300	YES	MANISHBHAI PATEL	9825052956	7069021669	manish190971@yahoo.com	
TOTAL						413	12390						

આજ તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઇ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.28 16:58:39 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara